સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 10

[MAR - 2020]
[01/03/20 to 07/03/20]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)



ICE CURRENT NEWS

કરંટ અફેર્સની તૈયારી હવે વધુ સરળ અને ઝડપી બનાવવા આજે જ સબસ્ક્રાઈબ કરો અમારી YouTube ચેનલ

YouTube

ICE RAJKOT

SUBSCRIBE

દરેક નવા વીડિયોના NOTIFICATION માટે BELL icon PRESS કરો.


## CURRENT TOPICS

- ‘સરસ્વતીચન્દ્ર’ નવલકથાના હિન્દીમાં અનુવાદ માટે શ્રી આલોક ગુપ્તાને વર્ષ 2019નો સાહિત્ય અકાદમી અનુવાદ પુરસ્કાર એનાયત
- ગુજરાતમાં વિશ્વના સૌથી ઉંચા અને ભવ્ય મા ઉમિયા મંદિરનો શિલાન્યાસ
- ગુજરાત હાઈકોર્ટમાં ચાર નવા ન્યાયમૂર્તિની નિમણૂક
- અફઘાનિસ્તાનમાં શાંતિ માટે અમેરિકા અને તાલિબાન વચ્ચે ઐતિહાસિક શાંતિ સમજૂતી પર હસ્તાક્ષર
- ભારતમાં 10 સરકારી બેન્કોનું મર્જર કરી 4 મોટી બેન્કોની રચનાને કેબિનેટની મંજૂરી
- BCCIની પસંદગી સમિતિના નવા અધ્યક્ષ તરીકે શ્રી સુનિલ જોશીની નિમણૂક


www.ICEONLINE.IN
9375701110/9328001110

અમારી સાથે જોડાયેલા રહો :

Telegram : t.me/icerajkotofficial

Instagram : icerajkot

## 01 MARCH, 2020 SUNDAY

➤ દિવસ મહિમા : 1 માર્ચ, (1) વિશ્વ નાગરિક સંરક્ષણ દિવસ (World Civil Defence Day)
(2) શૂન્ય ભેદભાવ દિવસ (Zero Discrimination Day)
(3) સ્વ-ઈજા જાગૃતિ દિવસ (Self-Injury Awareness Day)

## ➤ ગુજરાતમાં વલસાડ જિલ્લાના ભદેલી ગામે ભારતના પૂર્વ વડાપ્રધાન શ્રી મોરારજી દેસાઈની પ્રતિમાનું અનાવરણ



29 ફેબ્રુઆરી, 2020ના રોજ ભારતના પૂર્વ વડાપ્રધાન શ્રી મોરારજી દેસાઈનો 125મો જન્મદિવસ હતો.

- શ્રી મોરારજી દેસાઈના 125મા જન્મ દિવસ અથવા તો 124મા જન્મ વર્ષ નિમિત્તે તેમના જન્મ સ્થળ ગુજરાતમાં વલસાડ જિલ્લાના ભદેલી ખાતે એક સમારોહનું આયોજન થયું હતું.
- આ સમારોહમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ભદેલી ગામમાં શ્રી મોરારજી દેસાઈના સ્મરણાર્થે નિર્માણ પામેલા સ્મારક અને તેમની પૂર્ણ કદની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું.
- આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ શ્રી મોરારજી દેસાઈના જન્મ સ્થળ ભદેલીના વિકાસ માટે વધુ રૂ. 1 કરોડ ફાળવવાની જાહેરાત કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE E

### શ્રી મોરારજી દેસાઈ



શ્રી મોરારજી દેસાઈ ભારતના ચોથા અને પ્રથમ ગુજરાતી વડાપ્રધાન હતા.

- તેઓ જનતા પાર્ટીના નેતા તરીકે 24 માર્ચ 1977થી 28 જુલાઈ 1979 દરમિયાન ભારતના વડાપ્રધાન રહ્યા હતા.
- તેમનો જન્મ 29 ફેબ્રુઆરી, 1896ના રોજ ગુજરાતના ભદેલી ગામે થયો હતો.
- શ્રી મોરારજી દેસાઈ પ્રથમ ગુજરાતી વડાપ્રધાન ઉપરાંત સ્વતંત્ર ભારતના પ્રથમ બિન કોંગ્રેસી વડાપ્રધાન હતા.
- જેમનો જન્મ દિવસ દર ચાર વર્ષે એક વખત આવતો હોય એવા શ્રી મોરારજી દેસાઈ ભારતના એક માત્ર વડાપ્રધાન છે.
- કેમ કે, તેમનો જન્મ 29 ફેબ્રુઆરીના રોજ થયો હતો. અને તે ચાર વર્ષે એક વખત લિપયરમાં જ આવે છે.
- શ્રી મોરારજી દેસાઈને 1990માં પાકિસ્તાનનો સર્વોચ્ચ એવોર્ડ 'નિશાન એ પાકિસ્તાન' એનાયત થયો હતો.
- આ એવોર્ડ મેળવનાર શ્રી મોરારજી દેસાઈ ભારતના એક માત્ર વડાપ્રધાન તથા એક માત્ર ભારતીય છે.
- 'નિશાન એ પાકિસ્તાન' ઉપરાંત શ્રી મોરારજી દેસાઈને 1991માં ભારતનો સર્વોચ્ચ પુરસ્કાર 'ભારત રત્ન' પણ એનાયત થયો હતો.

**નોંધ :** (1) શ્રી મોરારજી દેસાઈ અગાઉ **શ્રી ગુલઝારીલાલ નંદા** બે વખત ભારતના **કાર્યકારી વડાપ્રધાન** રહ્યા હતા.

(2) શ્રી ગુલઝારીલાલ નંદાની **કર્મભૂમિ ગુજરાત** હતી, પરંતુ તેમનો જન્મ વર્તમાન **પાકિસ્તાન**ના **સિયાલકોટ**માં થયો હતો.

(3) શ્રી ગુલઝારીલાલ નંદા આશરે 24 વર્ષ સુધી **અમદાવાદ ટેક્સટાઈલ લેબર એસોસિયેશનના સેક્રેટરી** રહ્યા હતા.

(4) જેમનો જન્મ ગુજરાતમાં થયો હોય તેવા શ્રી મોરારજી દેસાઈ બાદ શ્રી નરેન્દ્રભાઈ મોદી બીજા ગુજરાતી વડાપ્રધાન છે.

(5) **મહાગુજરાત આંદોલન** સમયે **શ્રી મોરારજી દેસાઈ** **'બૃહદ મુંબઈ'** રાજ્યના **મુખ્યમંત્રી** હતા.

## ICE Questions

1. 'વિશ્વ નાગરિક સંરક્ષણ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 1 માર્ચ (B) 2 માર્ચ (C) 3 માર્ચ (D) 4 માર્ચ **(A)**

2. યુનાઈટેડ નેશન્સ દ્વારા 'શૂન્ય ભેદભાવ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 1 માર્ચ (B) 2 માર્ચ (C) 3 માર્ચ (D) 4 માર્ચ **(A)**

3. 'સ્વ-ઈજા જાગૃતિ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 1 માર્ચ (B) 2 માર્ચ (C) 3 માર્ચ (D) 4 માર્ચ **(A)**

4. 29 ફેબ્રુઆરી, 2020ના રોજ ગુજરાતમાં કયા મહાનુભાવના 125મા જન્મ દિવસ અથવા તો 124મા જન્મ વર્ષ ની ઉજવણી કરવામાં આવી છે ?
(A) શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક (B) શ્રી રવિશંકર મહારાજ
(C) શ્રી મોરારજી દેસાઈ (D) શ્રી મહાદેવભાઈ દેસાઈ **(C)**

5. 29 ફેબ્રુઆરી, 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ શ્રી મોરારજી દેસાઈની પ્રતિમાનું કયા ગામે લોકાર્પણ કર્યું છે ?
(A) માલવણ, વલસાડ (B) ડુંગરી, વલસાડ
(C) ઉમરગામ, વલસાડ (D) ભદેલી, વલસાડ **(D)**

6. શ્રી મોરારજી દેસાઈના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. તેઓ ભારતના ચોથા અને પ્રથમ ગુજરાતી વડાપ્રધાન હતા.
2. સમતા પાર્ટીના નેતા તરીકે તેઓ સ્વતંત્ર ભારતના પ્રથમ બિનકોંગ્રેસી વડાપ્રધાન હતા.
3. તેમનો જન્મ દિવસ દર ચાર વર્ષે એક વખત આવે છે.
4. પાકિસ્તાનનો સર્વોચ્ચ એવોર્ડ 'નિશાન એ પાકિસ્તાન' મેળવનાર તેઓ એક માત્ર ભારતીય છે.
(A) 1, 2, 3, 4 (B) 1, 3, 4 (C) 1, 2, 3 (D) 2, 3, 4 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 02 MARCH, 2020 MONDAY

### ➤ 'સરસ્વતીચન્દ્ર' નવલકથાના હિન્દીમાં અનુવાદ માટે શ્રી આલોક ગુપ્તાને વર્ષ 2019નો સાહિત્ય અકાદમી અનુવાદ પુરસ્કાર એનાયત




ભારતમાં સાહિત્ય અકાદમી, દિલ્હી દ્વારા તાજેતરમાં વર્ષ 2019ના સાહિત્ય અકાદમી અનુવાદ પુરસ્કારની જાહેરાત કરવામાં આવી છે.

- આ અંતર્ગત હિન્દી ભાષામાં અનુવાદ માટે શ્રી આલોક ગુપ્તાને આ પુરસ્કાર એનાયત થયો છે.
- શ્રી આલોક ગુપ્તાની પ્રસિદ્ધ ગુજરાતી નવલકથાકાર શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠીની મહાનવલ 'સરસ્વતીચન્દ્ર'ના પહેલા અને બીજા ભાગના હિન્દીમાં અનુવાદ માટે આ એવોર્ડના વિજેતા તરીકે પસંદગી કરવામાં આવી છે.

### ગુજરાતીમાં અનુવાદ માટે સુશ્રી બકુલા ઘાસવાલાને એવોર્ડ

જ્યારે ગુજરાતી ભાષામાં અનુવાદ માટે સુશ્રી બકુલા ઘાસવાલાને વર્ષ 2019નો સાહિત્ય અકાદમી અનુવાદ પુરસ્કાર એનાયત થયો છે.

- પ્રસિદ્ધ ગુજરાતી નૃત્યગુરુ સુશ્રી મૃણાલિની સારાભાઈની આત્મકથાના ગુજરાતી અનુવાદ માટે સુશ્રી બકુલા ઘાસવાલાને આ પુરસ્કાર એનાયત થયો છે.
- સુશ્રી મૃણાલિની સારાભાઈની અંગ્રેજીમાં લખાયેલી આત્મકથા 'The Voice of the Heart'નો સુશ્રી બકુલા ઘાસવાલાએ 'અંતર્નાદ' નામથી ગુજરાતીમાં અનુવાદ કર્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### સાહિત્ય અકાદમી અનુવાદ પુરસ્કાર

આ પુરસ્કાર માટે વર્ષ 2019માં જુદી જુદી ભાષાના 23 અનુવાદિત પુસ્તકોની પસંદગી કરવામાં આવી છે.

- આ પુરસ્કાર અંતર્ગત વિજેતાને રૂ. 50 હજાર ઉપરાંત તામ્રપત્ર એનાયત થાય છે.

### સાહિત્ય અકાદમી

સાહિત્ય અકાદમી, દિલ્હી એ ભારતની રાષ્ટ્રીય સાહિત્ય સંસ્થા છે.

- તેને 'નેશનલ એકેડમી ઓફ લેટર્સ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ભારતમાં થતી સાહિત્યિક ગતિવિધિઓના પોષણ અને સમન્વય માટે ભારત સરકાર દ્વારા 12 માર્ચ, 1954ના રોજ આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી.
- આ સંસ્થા રવિન્દ્ર ભવન, નવી દિલ્હી ખાતે આવેલી છે.
- સાહિત્ય અકાદમી, દિલ્હી દ્વારા તેમના મુખ્ય પુરસ્કાર 'સાહિત્ય અકાદમી એવોર્ડ' ઉપરાંત 'સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર' અને 'સાહિત્ય અકાદમી બાળ સાહિત્ય પુરસ્કાર' પણ દર વર્ષે એનાયત થાય છે.
- વર્ષ 2019ના આ પુરસ્કાર વિજેતા સર્જકોના નામ આ પ્રમાણે છે :

साहित्य अकादेमी

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## વર્ષ 2019ના સાહિત્ય અકાદમી પુરસ્કાર વિજેતા ગુજરાતી સર્જકો

| ક્રમ | પુરસ્કારનું નામ | વિજેતા સર્જક | કૃતિ |
|---|---|---|---|
| 1 | સાહિત્ય અકાદમી એવોર્ડ 2019 | શ્રી રતિલાલ બોરીસાગર | મોજમાં રે'વું રે! |
| 2 | સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર 2019 | શ્રી અજય સોની | રેતીનો માણસ (નવલિકા સંગ્રહ) |
| 3 | સાહિત્ય અકાદમી બાળ સાહિત્ય પુરસ્કાર 2019 | શ્રી કુમારપાળ દેસાઈ | – |
| 4 | સાહિત્ય અકાદમી અનુવાદ પુરસ્કાર 2019 | સુશ્રી બકુલા ઘાસવાલા | અંતર્નાદ |



## ➤ ગુજરાતમાં હવે પેકીંગમાં વેચાતી દૂધની મીઠાઈ પર ઉત્પાદન તારીખ અને બેસ્ટ બીફોર તારીખ ફરજિયાત છાપવાની રહેશે

ગુજરાત રાજ્યના **ખોરાક અને ઔષધિ નિયમન તંત્ર**ના કમિશનર **શ્રી એચ. જી. કોશિયા**એ ગુજરાતમાં નાગરિકોનું આરોગ્ય ન જોખમાય એ માટે તાજેતરમાં એક મહત્ત્વની જાહેરાત કરી છે.

- આ જાહેરાત અનુસાર ગુજરાતમાં હવે **ઉત્પાદન તારીખ** અને **તે ક્યાં સુધી સારી રહેશે તેની તારીખ વગરની દૂધની મીઠાઈ** વેચી શકાશે નહિ.
- આથી, ગુજરાતમાં હવે **દૂધની મીઠાઈઓ**નું વેચાણ કરતી વખતે પેકેટ ઉપર તથા જો આ મીઠાઈનું પેકિંગ વગર લૂઝ વેચાણ કરવામાં આવતું હોય તો મીઠાઈની ટ્રે ઉપર ઉત્પાદન તારીખ અને બેસ્ટ બીફોર તારીખ ફરજિયાત જણાવવાની રહેશે.
- **ઉત્પાદન તારીખ** તથા **બેસ્ટ બીફોર તારીખ** જણાવ્યા વગર મીઠાઈનું વેચાણ કરનાર વેપારી સામે **ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ 2006** હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

**નોંધ :** (1) તાજેતરમાં ભારત સરકારના **FSSAI** દ્વારા એક માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી હતી.

(2) આ માર્ગદર્શિકા અનુસાર ભારતમાં **1 જૂન 2020**થી ખુલ્લી મીઠાઈ પર પણ દુકાનદારોએ એક્સપાયરી ડેટ લખવી પડશે તેવી જાહેરાત કરી હતી.

(3) FSSAIનું પૂરું નામ Food Safety and Standards Authority of India છે.

## ➤ ગુજરાતમાં વિશ્વના સૌથી ઉંચા અને ભવ્ય મા ઉમિયા મંદિરનો શિલાન્યાસ

29 ફેબ્રુઆરી, 2020ના રોજ **ગુજરાત**માં **વિશ્વના સૌથી ઉંચા અને ભવ્ય મા ઉમિયા મંદિર**નો શિલાન્યાસ થયો છે.

- ગુજરાતમાં **અમદાવાદ** પાસે **જાસપુર** રોડ પર પાટીદારોના કુળદેવી **મા ઉમિયાના વિશ્વના સૌથી ઉંચા અને ભવ્ય મંદિર**નું નિર્માણ થઈ રહ્યું છે.
- ગુજરાતમાં અમદાવાદના સરખેજ ગાંધીનગર હાઈ વે પર આવેલા પ્રસિદ્ધ માતા વૈષ્ણોદેવી મંદિરની સામે આશરે **રૂ. 1000 કરોડ**ના ખર્ચે **વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન** દ્વારા મા ઉમિયાના **431 ફૂટ ઊંચા** ભવ્ય મંદિરનું નિર્માણ કરવામાં આવશે.
- આ માટે તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી** અને ગુજરાતના નાયબ મુખ્યમંત્રી **શ્રી નીતિનભાઈ પટેલ** સહિત અનેક સંતો મહંતોની પ્રેરક ઉપસ્થિતિમાં આ મંદિરનો શિલાન્યાસ થયો છે.

**નોંધ :** **અમદાવાદ** પાસે આવેલું **જાસપુર** **ગાંધીનગર** જિલ્લાના **કલોલ** તાલુકામાં આવેલું છે.



Vishv UMIYA Foundation

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE ? Questions

1. ગુજરાતી ભાષામાં અનુવાદ માટે વર્ષ 2019ના સાહિત્ય અકાદમી અનુવાદ પુરસ્કાર માટે કઈ કૃતિની પસંદગી કરવામાં આવી છે ?
(A) સરસ્વતીચંદ્ર ભાગ 1-2 (B) રંગતરંગ (C) અંતર્નાદ (D) અંતરંગ **(C)**

2. ગુજરાતી ભાષામાં અનુવાદ માટે વર્ષ 2019ના સાહિત્ય અકાદમી અનુવાદ પુરસ્કાર માટે કયા લેખકની પસંદગી કરવામાં આવી છે ?
(A) શ્રી આલોક વર્મા (B) સુશ્રી બકુલા ઘોસ
(C) સુશ્રી બકુલા ઘાસવાલા (D) સુશ્રી એષા દાદાવાલા **(C)**

3. 'The Voice of the Heart' કોની આત્મકથા છે ?
(A) સુશ્રી મલ્લિકા સારાભાઈ (B) સુશ્રી કુંદનિકા કાપડિયા
(C) સુશ્રી સરોજ પાઠક (D) સુશ્રી મૃણાલિની સારાભાઈ **(D)**

4. હિન્દી ભાષામાં અનુવાદ માટે વર્ષ 2019ના સાહિત્ય અકાદમી અનુવાદ પુરસ્કાર માટે ગુજરાતી ભાષાની કઈ કૃતિના હિન્દી અનુવાદની પસંદગી કરવામાં આવી છે ?
(A) માનવીની ભવાઈ (B) સરસ્વતીચન્દ્ર
(C) ગુજરાતનો નાથ (D) ઝેર તો પીધાં છે જાણી જાણી **(B)**

5. 'સરસ્વતીચન્દ્ર' નવલકથાના હિન્દીમાં અનુવાદ માટે કયા લેખકને વર્ષ 2019નો સાહિત્ય અકાદમી અનુવાદ પુરસ્કાર એનાયત થયો છે ?
(A) શ્રી જયંતી પાઠક (B) શ્રી ગોપીનાથ વર્મા
(C) શ્રી આલોક ગુપ્તા (D) શ્રી આકાશ વર્મા **(C)**

6. શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠીની પ્રસિદ્ધ મહાનવલકથા 'સરસ્વતીચંદ્ર'નો હિન્દી ભાષામાં અનુવાદ કોણે કર્યો છે ?
(A) શ્રી જયંતી પાઠક (B) શ્રી ગોપીનાથ વર્મા
(C) શ્રી આલોક ગુપ્તા (D) શ્રી આકાશ વર્મા **(C)**

7. વર્ષ 2019ના સાહિત્ય અકાદમી પુરસ્કાર વિજેતા ગુજરાતી સર્જકોના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
   1. 'મોજમાં રે'વું રે !' કૃતિ માટે શ્રી રતિલાલ બોરીસાગરને વર્ષ 2019નો સાહિત્ય અકાદમી એવોર્ડ એનાયત થયો છે.
   2. 'રેતીનો માણસ' નવલિકા સંગ્રહ માટે શ્રી અજય સોનીને વર્ષ 2019નો સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર એનાયત થયો છે.
   3. શ્રી મોહમ્મદ માંકડને વર્ષ 2019નો સાહિત્ય અકાદમી બાળ સાહિત્ય પુરસ્કાર એનાયત થયો છે.

(A) 1, 2, 3 (B) 1, 3 (C) 1, 2 (D) 2, 3 **(C)**

8. FSSAI દ્વારા જારી કરવામાં આવેલી માર્ગદર્શિકા અનુસાર ભારતમાં ક્યારથી ખુલ્લી મીઠાઈ પર પણ દુકાનદારોએ એક્સપાયરી ડેટ લખવી પડશે ?
(A) 1 એપ્રિલ, 2020થી (B) 1 જૂન, 2020થી
(C) 1 મે, 2020થી (D) 1 જુલાઈ, 2020થી **(B)**

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

9. 1 જૂન, 2020 બાદ ઉત્પાદન તારીખ અને બેસ્ટ બીફોર તારીખ વગર પેકીંગમાં વેચાતી દૂધની મીઠાઈ અંગે દુકાનદાર વિરુદ્ધ ગુજરાતમાં કયા એક્ટ અંતર્ગત કાર્યવાહી કરવામાં આવશે ?
(A) ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ 2006 (B) ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ 2007
(C) ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ 2008 (D) ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ 2009 **(A)**

10. ગુજરાતમાં અમદાવાદની બાજુમાં કયા ગામ પાસે વિશ્વના સૌથી ઉંચા અને ભવ્ય મા ઉમિયા મંદિરનું નિર્માણ થશે ?
(A) વસ્ત્રાલ (B) બાવળા (C) સાણંદ (D) જાસપુર **(D)**

11. ગુજરાતમાં અમદાવાદની બાજુમાં કેટલા ફૂટ ઉંચા વિશ્વના સૌથી ઉંચા અને ભવ્ય મા ઉમિયા મંદિરનું નિર્માણ થશે ?
(A) 331 (B) 431 (C) 531 (D) 631 **(B)**

12. ગુજરાતમાં અમદાવાદની બાજુમાં કોના દ્વારા વિશ્વના સૌથી ઉંચા અને ભવ્ય મા ઉમિયા મંદિરનું નિર્માણ થશે ?
(A) ગુજરાત ઉમિયા ફાઉન્ડેશન (B) ભારત ઉમિયા ફાઉન્ડેશન
(C) વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન (D) ગ્લોબલ ઉમિયા ફાઉન્ડેશન **(C)**

## 03 MARCH, 2020 TUESDAY

### ➤ દિવસ મહિમા : 3 માર્ચ, (1) વિશ્વ વન્ય જીવ દિવસ (World Wildlife Day)
### (2) વિશ્વ શ્રવણ દિવસ (World Hearing Day)

#### વિશ્વ વન્ય જીવ દિવસ




જંગલી જીવો અને વનસ્પતિ સૃષ્ટિ અંગે જાગૃતિ ફેલાવવા માટે સમગ્ર વિશ્વમાં 3 માર્ચના રોજ 'વિશ્વ વન્ય જીવ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણી માટે થાઈલેન્ડ દ્વારા સંયુક્ત રાષ્ટ્રમાં પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો.
- સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાના 68મા સત્રમાં 20 ડિસેમ્બર, 2013ના રોજ આ દિવસની ઉજવણી માટે પ્રસ્તાવ પાસ કરવામાં આવ્યો હતો.
- વર્ષ 2020ની 'World Wildlife Day'ની થીમ 'Sustaining all life on Earth' ('બધા જીવન પૃથ્વી પર ટકી રહે') છે.

### ➤ લક્ઝમબર્ગ જાહેર પરિવહન મફત કરનારો વિશ્વનો પ્રથમ દેશ બન્યો



યુરોપિયન દેશ લક્ઝમબર્ગમાં 29 ફેબ્રુઆરી, 2020થી જાહેર પરિવહન મફત કરવામાં આવ્યું છે.

- આ સાથે જ લક્ઝમબર્ગ જાહેર પરિવહન મફત કરનારો વિશ્વનો પ્રથમ દેશ બની ગયો છે.
- લક્ઝમબર્ગમાં રસ્તા પર ટ્રાફિકનું દબાણ ઘટાડવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.
- જોકે, આ અગાઉ લક્ઝમબર્ગમાં દર શનિવારે બસ, ટ્રેન અને ટ્રામમાં પહેલેથી જ મુસાફરી મફત હતી. હવે તે દરરોજ મફત રહેશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) લક્ઝમબર્ગની રાજધાની લક્ઝમબર્ગ શહેર છે.
(2) લક્ઝમબર્ગનું ચલણ (Currency) યુરો છે.
(3) તેની વસતી અંદાજે 6 લાખ જેટલી છે.

## ➤ અફઘાનિસ્તાનમાં શાંતિ માટે અમેરિકા અને તાલિબાન વચ્ચે ઐતિહાસિક શાંતિ સમજૂતી પર હસ્તાક્ષર



29 ફેબ્રુઆરી, 2020ના રોજ કતારની રાજધાની દોહા ખાતે અમેરિકા અને તાલિબાન વચ્ચે ઐતિહાસિક શાંતિ સમજૂતી પર હસ્તાક્ષર થયા છે.

- આ સમજૂતી મુજબ અમેરિકા 14 મહિનામાં અફઘાનિસ્તાનમાંથી તેના તમામ સૈનિકો હટાવી લેશે.
- તેની સામે અફઘાનિસ્તાનની જેલમાં રહેલા આશરે 5000 જેટલા તાલિબાન સાથે સંકળાયેલા લોકોને પણ 10 માર્ચ, 2020 સુધીમાં મુક્ત કરવામાં આવશે.
- બીજી તરફ તાલિબાન પણ નિર્દોષ નાગરિકોને મુક્ત કરશે.

### તાલિબાન-અમેરિકા શાંતિ સમજૂતીનું મહત્ત્વ

અફઘાનિસ્તાનમાં શાંતિ માટે તાલિબાન-અમેરિકા શાંતિ સમજૂતી ખૂબ જ અગત્યની છે.

- કેમ કે, છેલ્લા કેટલાય વર્ષોથી પાકિસ્તાન તાલિબાન નામના આતંકી સંગઠનની મદદ કરીને અફઘાનિસ્તાનમાં આતંકવાદ ફેલાવી રહ્યું હતું.
- આથી, અફઘાનિસ્તાનમાં તાલિબાનો દ્વારા અવારનવાર આતંકી હુમલાઓ થયા હતા. અને તેના જવાબમાં અફઘાની સેના અને અમેરિકન સૈનિકો દ્વારા તાલિબાનો પર હુમલા કરવામાં આવતા હતા.
- પરિણામે છેલ્લા કેટલાક સમયથી અફઘાનિસ્તાનમાં ગૃહ યુદ્ધ જેવી સ્થિતિનું નિર્માણ થયું હતું.
- હવે અમેરિકા અને તાલિબાનો વચ્ચે થયેલી આ સમજૂતી મુજબ જો તાલિબાનો હિંસા છોડશે તો અફઘાનિસ્તાનમાં ફરીથી શાંતિની સ્થાપના થઈ શકશે.
- સાથે સાથે અમેરિકાને પણ અફઘાનિસ્તાનમાં થતી તેના સૈનિકોની ખુવારી અને સૈન્ય ખર્ચમાં રાહત થશે.
- જ્યાં સુધી આ સમજૂતીનો ભારત સાથે સંબંધ છે ત્યાં સુધી અફઘાનિસ્તાન એ ભારતનો મિત્ર દેશ છે.
- આથી, ભારત પણ એવું ઈચ્છે છે કે અફઘાનિસ્તાનમાં શાંતિ સ્થપાય.
- આથી, કતારના દોહા ખાતે થયેલી આ સમજૂતી દરમિયાન ભારતના પ્રતિનિધિ પણ હાજર રહ્યા હતા.
- કેટલાક વિદ્વાનોના મતે અફઘાનિસ્તાનમાંથી મોરચો હટાવ્યા બાદ પાકિસ્તાન તાલિબાનોનો સાથ લઈને ભારતમાં આતંકવાદી હુમલા કરાવી શકે છે.
- પણ અહીં એ યાદ રાખવું જોઈએ કે, ભારત એ અફઘાનિસ્તાન નથી...અને એમાંયે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પરિકલ્પનાના 'New India'ની તો વાત જ સાવ જુદી છે.
- આથી, આ અંગે સર્જાતા કોઈપણ પડકારને પહોંચી વળવા માટે ભારત સક્ષમ છે.

**નોંધ :** અફઘાનિસ્તાનમાં અમેરિકાના સૈનિકોની સંખ્યા હાલ લગભગ 13000 જેટલી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. 'વિશ્વ શ્રવણ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 1 માર્ચ (B) 2 માર્ચ (C) 3 માર્ચ (D) 4 માર્ચ **(C)**

2. 'વિશ્વ વન્ય જીવ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 1 માર્ચ (B) 2 માર્ચ (C) 3 માર્ચ (D) 4 માર્ચ **(C)**

3. વર્ષ 2020 ની 'વિશ્વ વન્ય જીવ દિવસ'ની થીમ શું છે ?
(A) Listen to the Young Voices
(B) Sustaining all life on Universe
(C) It's time to get Serious about Wildlife Crime
(D) Sustaining all life on Earth **(D)**

4. તાજેતરમાં કયો દેશ જાહેર પરિવહન મફત કરનારો વિશ્વનો પ્રથમ દેશ બન્યો છે ?
(A) લક્ઝમબર્ગ (B) નોર્વે (C) ફિનલેન્ડ (D) સિંગાપોર **(A)**

5. કયા દેશમાં શાંતિ સ્થાપવા માટે તાજેતરમાં અમેરિકા અને તાલિબાન વચ્ચે કરાર થયા છે ?
(A) કતાર (B) સીરિયા (C) ઈરાન (D) અફઘાનિસ્તાન **(D)**

6. અફઘાનિસ્તાનમાં શાંતિની સ્થાપના માટે અમેરિકા અને તાલિબાન વચ્ચે કયા શહેરમાં કરાર થયા છે ?
(A) કાબુલ (B) ઈસ્લામાબાદ (C) દોહા (D) રિયાધ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 04 MARCH, 2020 WEDNESDAY

### ➤ ગુજરાત હાઈકોર્ટમાં ચાર નવા ન્યાયમૂર્તિની નિમણૂક

ગુજરાત હાઈકોર્ટમાં તાજેતરમાં ચાર નવા ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવામાં આવી છે.

- 3 માર્ચ, 2020ના રોજ ગુજરાત હાઈકોર્ટમાં નિમણૂક પામેલા ચાર નવા જજના નામ આ પ્રમાણે છે :
  (1) **જસ્ટિસ ઈલેશ જશવંત રાય વોરા**
  (2) **જસ્ટિસ કુમારી ગીતા ગોપી**
  (3) **જસ્ટિસ ડો. અશોકકુમાર ચીમનલાલ જોશી**
  (4) **જસ્ટિસ રાજેન્દ્ર મેઘરાજ સરીન**
- હાલની જોગવાઈ અનુસાર ગુજરાત હાઈકોર્ટમાં ચીફ જસ્ટિસ સહિત વધુમાં વધુ કુલ 52 જજ રાખી શકાય છે.
- ગુજરાત હાઈકોર્ટમાં આ અગાઉ ચીફ જસ્ટિસ સહિત કુલ 26 જજો કાર્યરત હતા.
- આ 4 જજોની નિયુક્તિ બાદ ગુજરાત હાઈકોર્ટમાં કાર્યરત જજોની કુલ સંખ્યા 30 થઈ ગઈ છે.

#### હાઈકોર્ટ (ઉચ્ચ ન્યાયાલય)

ભારતીય બંધારણના ભાગ 6ના અનુચ્છેદ 214થી 231 અંતર્ગત હાઈકોર્ટ અંગેની જોગવાઈ કરવામાં આવી છે.

- ભારતમાં હાલ કુલ 25 હાઈકોર્ટ આવેલી છે.
- કોલકાતા હાઈકોર્ટ ભારતની સૌથી જૂની હાઈકોર્ટ છે. તેની સ્થાપના 2 જુલાઈ, 1862ના રોજ થઈ હતી.
- ભારતમાં છેલ્લે 1 જાન્યુઆરી, 2019ના રોજ ભારતની 25મી હાઈકોર્ટ તરીકે નવી આંધ્રપ્રદેશ હાઈકોર્ટની રચના કરવામાં આવી હતી.

- ગુજરાત હાઈકોર્ટની સ્થાપના 1 મે 1960ના રોજ થઈ હતી.
- હાઈકોર્ટ એ રાજ્ય ન્યાયતંત્રનું સર્વોચ્ચ ન્યાયાલય છે.
- રાજ્યના અન્ય ન્યાયાલયો હાઈકોર્ટને આધીન હોય છે.
- ભારતીય બંધારણના અનુચ્છેદ 214 અનુસાર પ્રત્યેક રાજ્ય માટે એક ઉચ્ચ ન્યાયાલયની વ્યવસ્થા કરાયેલી છે. પરંતુ 1956ના 7મા બંધારણીય સુધારા અંતર્ગત સંસદ બે કે તેથી વધુ રાજ્યો માટે એક જ ઉચ્ચ ન્યાયાલયની વ્યવસ્થા કરી શકે છે.

## હાઈકોર્ટના ન્યાયાધીશ

ભારતીય બંધારણના અનુચ્છેદ 216 અનુસાર દરેક હાઈકોર્ટમાં એક મુખ્ય ન્યાયાધીશ અને બીજા અન્ય ન્યાયાધીશો હોય છે.

- હાઈકોર્ટના ન્યાયાધીશોની સંખ્યા વખતો વખત રાષ્ટ્રપતિ નક્કી કરે છે.

## હાઈકોર્ટના ન્યાયાધીશ માટેની લાયકાતો

(1) તેઓ ભારતના નાગરિક હોવા જોઈએ.

(2) ઓછામાં ઓછા 10 વર્ષનો ન્યાયાધીશનો અનુભવ હોવો જોઈએ.

અથવા

ઓછામાં ઓછા 10 વર્ષ સુધી હાઈકોર્ટમાં વકીલાતનો અનુભવ હોવો જોઈએ.

## હાઈકોર્ટના ન્યાયાધીશનો કાર્યકાળ (મુદત)

ભારતીય બંધારણના અનુચ્છેદ-217(1) મુજબ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ સહિત તમામ ન્યાયાધીશ 62 વર્ષની વય સુધી પોતાના પદ ઉપર સેવા આપી શકે છે.

- કોઈપણ ન્યાયાધીશ ભારતના રાષ્ટ્રપતિને સંબોધીને પોતાનું રાજીનામું આપી શકે છે.

## હાઈકોર્ટના ન્યાયાધીશના શપથ

અનુચ્છેદ 219 અનુસાર હાઈકોર્ટના ન્યાયાધીશોની શપથવિધિ રાજ્યપાલ કે રાજ્યપાલ દ્વારા નિમાયેલી અન્ય વ્યક્તિ સમક્ષ યોજાય છે.

## પગાર અને ભથ્થા

વર્તમાન સમયે હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશનો પગાર રૂા. 2,50,000 પ્રતિમાસ અને અન્ય ન્યાયાધીશોનો પગાર રૂા. 2,25,000 પ્રતિમાસ છે.

## ન્યાયાધીશની નિમણૂક માટેની Collegium શું છે ?

ભારતમાં ન્યાયાધીશોની નિમણૂક માટેનું સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને સુપ્રીમ કોર્ટના ચાર સૌથી વરિષ્ઠ ન્યાયાધીશોનું મંડળ Collegium તરીકે ઓળખાય છે.

- ભારતમાં સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટમાં ન્યાયાધીશોની નિમણૂક અને ટ્રાન્સફર માટે Collegium Systemનો ઉપયોગ થાય છે.
- આ સિસ્ટમ અંતર્ગત કોલેજીયમની સલાહથી રાષ્ટ્રપતિ દ્વારા સુપ્રીમ કોર્ટ તથા હાઈકોર્ટમાં ન્યાયાધીશની નિમણૂક કરવામાં આવે છે.

**નોંધ :** (1) આ 'Collegium'માં સુપ્રીમ કોર્ટના ભાવિ મુખ્ય ન્યાયાધીશનો સમાવેશ કરવો અનિવાર્ય છે.

(2) ભારતમાં ન્યાયાધીશોની નિમણૂક માટેની 'Collegium System'નો જન્મ "Three judges Cases" દ્વારા થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ ગુજરાત સરકાર દ્વારા પ્રતિ ક્વિન્ટલ લઘુત્તમ રૂ. 1925ના ટેકાના ભાવે ઘઉંની ખરીદી કરવામાં આવશે




ગુજરાતના ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ગુજરાત સરકારે ખેડૂતો પાસેથી લઘુત્તમ ટેકાના ભાવે ઘઉંની સીધી જ ખરીદી કરવાનો નિર્ણય કર્યો છે.

- આ માટે ખેડૂતોએ 31 માર્ચ, 2020 સુધીમાં ઓનલાઈન નોંધણી કરાવવાની રહેશે.
- ગુજરાત સરકાર દ્વારા રવિ માર્કેટિંગ સિઝન 2020-21 અંતર્ગત 16 માર્ચ, 2020થી 30 મે, 2020 સુધી આ ઘઉંની ખરીદી કરવામાં આવશે.
- ગુજરાત સરકાર ભારત સરકારે નિયત કરેલા પ્રતિ ક્વિન્ટલ લઘુત્તમ રૂ. 1925 (એટલે કે પ્રતિ મણ રૂ. 385)ના લઘુત્તમ ટેકાના ભાવથી આ ઘઉંની ખરીદી કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ICE Questions

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1. | 3 માર્ચ, 2020ના રોજ ગુજરાત હાઈકોર્ટમાં કેટલા નવા ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવામાં આવી છે ? | | | | |
| | (A) 2 | (B) 3 | (C) 4 | (D) 5 | (C) |
| 2. | 3 માર્ચ, 2020ના રોજ ગુજરાત હાઈકોર્ટમાં નિમણૂક પામેલા ચાર નવા ન્યાયાધીશમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ? | | | | |
| | (A) જસ્ટિસ નયન એસ. પંડ્યા | (B) જસ્ટિસ ગીતા ગોપી | (C) જસ્ટિસ અશોક સી. જોશી | (D) જસ્ટિસ રાજેન્દ્ર એમ. સરીન | (A) |
| 3. | રવિ માર્કેટિંગ સિઝન 2020-21 દરમિયાન ગુજરાત સરકાર દ્વારા પ્રતિ ક્વિન્ટલ કેટલા ટેકાના ભાવથી ઘઉંની ખરીદી કરવામાં આવશે ? | | | | |
| | (A) રૂ. 1725 | (B) રૂ. 1825 | (C) રૂ. 1925 | (D) રૂ. 2025 | (C) |
| 4. | રવિ માર્કેટિંગ સિઝન 2020-21 દરમિયાન ગુજરાત સરકાર દ્વારા પ્રતિ મણ કેટલા ટેકાના ભાવથી ઘઉંની ખરીદી કરવામાં આવશે ? | | | | |
| | (A) રૂ. 365 | (B) રૂ. 375 | (C) રૂ. 385 | (D) રૂ. 395 | (C) |

## 05 MARCH, 2020 THURSDAY

### ➤ ભારતમાં 10 સરકારી બેન્કોનું મર્જર કરી 4 મોટી બેન્કોની રચનાને કેબિનેટની મંજૂરી




4 માર્ચ, 2020ના રોજ ભારતના વડાપ્રધાન <u>શ્રી નરેન્દ્રભાઈ મોદીની</u> અધ્યક્ષતામાં નવી દિલ્હી ખાતે મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં ભારતમાં <u>10 સરકારી બેન્કો</u>ને મર્જ કરી <u>4 મોટી બેન્કો</u>ની રચનાને મંજૂરી આપવામાં આવી છે.

- આ અંતર્ગત <u>1 એપ્રિલ, 2020</u>થી આ 10 સરકારી બેન્કોના મર્જરની પ્રક્રિયા શરૂ થશે.
- આ અગાઉ 30 ઓગસ્ટ, 2019ના રોજ ભારતના નાણામંત્રી શ્રીમતી નિર્મલા સિતારામને આ અંગેની જાહેરાત કરી હતી.
- આ અંતર્ગત ભારતમાં 10 સરકારી બેન્કોનું આ પ્રમાણે મર્જર થશે.

#### મર્જર - 1

(1) <u>પંજાબ નેશનલ બેન્ક</u> સાથે <u>ઓરિએન્ટલ બેન્ક ઓફ કોમર્સ</u> અને <u>યુનાઈટેડ બેન્ક ઓફ ઈન્ડિયાનું</u> મર્જર થશે.

- આ મર્જરથી રચાનારી નવી બેન્ક રૂા.17.95 લાખ કરોડના બિઝનેસ સાથે ભારતની <u>જાહેર ક્ષેત્રની બીજી સૌથી મોટી બેન્ક</u> બનશે.
- 11,437 બ્રાન્ચ સાથે ભારતમાં તેનું <u>બીજા નંબરનું</u> સૌથી મોટું બ્રાન્ચ નેટવર્ક હશે.

#### મર્જર - 2

(2) <u>કેનેરા બેન્ક સાથે સીન્ડિકેટ બેન્કનું</u> મર્જર થશે.

- આ મર્જરથી રચાનારી નવી બેન્ક રૂા.15.20 લાખ કરોડના બિઝનેસ સાથે ભારતની જાહેર ક્ષેત્રની <u>ચોથી સૌથી મોટી બેન્ક</u> બનશે.
- 10,342 બ્રાન્ચ સાથે ભારતમાં તેનું <u>ત્રીજા</u> નંબરનું સૌથી મોટું બ્રાન્ચ નેટવર્ક હશે.

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## મર્જર - 3

(3) **યુનિયન બેન્ક** સાથે **આંધ્ર બેન્ક** અને **કોર્પોરેશન બેન્કનું** મર્જર થશે.

- આ મર્જરથી રચાનારી નવી બેન્ક રૂા.14.59 લાખ કરોડના બિઝનેસ સાથે ભારતની **જાહેર ક્ષેત્રની પાંચમી સૌથી મોટી બેન્ક** બનશે.
- 9,609 બ્રાન્ચ સાથે ભારતમાં તેનું **ચોથા** નંબરનું સૌથી મોટું બ્રાન્ચ નેટવર્ક હશે.

## મર્જર - 4

(4) **ઈન્ડિયન બેન્ક** સાથે **અલાહાબાદ બેન્કનું** મર્જર થશે.

- આ મર્જરથી રચાનારી નવી બેન્ક રૂા.8.08 લાખ કરોડના બિઝનેસ સાથે ભારતની **સાતમા નંબરની જાહેર ક્ષેત્રની સૌથી મોટી બેન્ક** બનશે.

### ભારતમાં જાહેર ક્ષેત્રની 10 બેન્કોનું મર્જર

| ક્રમ | કઈ બેન્કમાં | કઈ બેન્કનું મર્જર થશે ? | બિઝનેસ સાઈઝ | નવી બેન્ક જાહેર ક્ષેત્રની કેટલામી સૌથી મોટી બેન્ક બનશે? |
|---|---|---|---|---|
| 1 | Punjab National Bank | Oriental Bank of Commerce | રૂ. 17.95 લાખ કરોડ | બીજી |
| | | United Bank of India | | |
| 2 | Canara Bank | Syndicate Bank | રૂ. 15.20 લાખ કરોડ | ચોથી |
| 3 | Union Bank of India | Andhra Bank | રૂ. 14.59 લાખ કરોડ | પાંચમી |
| | | Corporation Bank | | |
| 4 | Indian Bank | Allahabad Bank | રૂ. 8.08 લાખ કરોડ | સાતમી |

INSTITUTE FOR COMPETITIVE E...

**નોંધ :** (1) રૂ. 52.05 લાખ કરોડના બિઝનેસ સાથે **SBI** ભારતની **જાહેર ક્ષેત્રની સૌથી મોટી બેન્ક** છે.

(2) જ્યારે ઉપરોક્ત મર્જર બાદ રૂ. 16.13 લાખ કરોડનો બિઝનેસ ધરાવતી **Bank of Baroda** ભારતની **જાહેર ક્ષેત્રની ત્રીજી સૌથી મોટી બેન્ક** બની જશે.

(3) આ ઉપરાંત ઉપરોક્ત મર્જર બાદ રૂ. 9.03 લાખ કરોડનો બિઝનેસ ધરાવતી **Bank of India** ભારતની **જાહેર ક્ષેત્રની છઠ્ઠી સૌથી મોટી બેન્ક** બની જશે.

## ભારતમાં તાજેતરમાં થયેલું બેન્કોનું વિલીનીકરણ

ભારતમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં આ અગાઉ બે વખત સરકારી બેન્કોનું વિલીનીકરણ કરવામાં આવ્યું છે. જેમાં –

(1) એપ્રિલ 2017માં **SBIની પાંચ સહયોગી બેન્ક** તથા **ભારતીય મહિલા બેન્ક**ના **SBI**માં વિલીનીકરણ તથા

(2) એપ્રિલ 2019માં **દેના બેન્ક** અને **વિજયા બેન્ક**ના **બેન્ક ઓફ બરોડા**માં વિલીનીકરણનો સમાવેશ થાય છે.

## ➤ BCCIની પસંદગી સમિતિના નવા અધ્યક્ષ તરીકે શ્રી સુનિલ જોશીની નિમણૂક



ભારતમાં ભારતીય ક્રિકેટ ટીમની પસંદગી કરવા માટે BCCIની પસંદગી સમિતિના નવા અધ્યક્ષ તરીકે ભારતના ભૂતપૂર્વ સ્પિનર શ્રી સુનિલ જોશીની નિમણૂક કરવામાં આવી છે.

- BCCIની પસંદગી સમિતિના અધ્યક્ષ એટલે કે ચીફ સિલેક્ટર તરીકે શ્રી સુનિલ જોશી શ્રી એમ. એસ. કે. પ્રસાદનું સ્થાન લેશે.
- શ્રી સુનિલ જોશી ઉપરાંત ભારતના ભૂતપૂર્વ ફાસ્ટ બોલર શ્રી હરવિંદર સિંઘની પસંદગી સમિતિના સભ્ય તરીકે નિમણૂક કરવામાં આવી છે.
- BCCIની પસંદગી સમિતિના સભ્ય તરીકે શ્રી હરવિંદર સિંઘે શ્રી ગગન ખોડાનું સ્થાન લીધું છે.
- BCCIની પસંદગી સમિતિના સભ્ય તરીકે શ્રી ગગન ખોડાનો અને અધ્યક્ષ તરીકે શ્રી એમ. એસ. કે. પ્રસાદનો કાર્યકાળ સમાપ્ત થઈ ગયો હતો.
- આથી, તેમની જગ્યાએ ક્રિકેટ સલાહકાર સમિતિ (Cricket Advisory Committee - CAC) દ્વારા આ નવા બે વ્યક્તિઓની નિમણૂક કરવામાં આવી છે.

### BCCIની પસંદગી સમિતિ

વર્તમાન સમયે (5 માર્ચ, 2020ની સ્થિતિએ) BCCIની પસંદગી સમિતિમાં નીચેના સભ્યોનો સમાવેશ થાય છે :

(1) **શ્રી સુનિલ જોશી (અધ્યક્ષ)**

(2) **શ્રી હરવિંદર સિંઘ (સભ્ય)**

(3) **શ્રી દેવાંગ ગાંધી (સભ્ય)**

(4) **શ્રી શરનદીપ સિંઘ (સભ્ય)**

(5) **શ્રી જતિન પરાંજપે (સભ્ય)**

**નોંધ :** BCCIનું પૂરું નામ Board of Control for Cricket in India છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ICE Questions

1. ભારતમાં કેટલી સરકારી બેન્કોનું મર્જર કરી 4 મોટી બેન્કોની રચનાને કેન્દ્રિય કેબિનેટે મંજૂરી આપી છે ?
(A) 8 (B) 10 (C) 12 (D) 14 **(B)**

2. ભારતમાં 10 સરકારી બેન્કોનું મર્જર કરી 4 મોટી બેન્કની રચના માટેની પ્રક્રિયાનો પ્રારંભ ક્યારથી થશે ?
(A) 31 માર્ચ, 2020 (B) 1 એપ્રિલ, 2020
(C) 30 એપ્રિલ, 2020 (D) 1 જૂન, 2020 **(B)**

3. ભારતમાં Punjab National Bank સાથે કઈ બેન્કોના મર્જરથી ભારતની જાહેર ક્ષેત્રની બીજા નંબરની સૌથી મોટી બેન્કની રચના કરવામાં આવશે ?
(A) Oriental Bank of Commerce અને United Bank of India
(B) Canara Bank અને Syndicate Bank
(C) Andhra Bank અને Corporation Bank
(D) Oriental Bank of Commerce અને Allahabad Bank **(A)**

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

4. ભારતમાં Canara Bank સાથે કઈ બેન્કના વિલીનીકરણની જાહેરાત કરવામાં આવી છે ?
(A) Andhra Bank (B) Allahabad Bank
(C) Syndicate Bank (D) Corporation Bank (C)

5. ભારતમાં Union Bank of India સાથે કઈ બેન્કના મર્જરની જાહેરાત કરવામાં આવી છે ?
(A) Oriental Bank of Commerce અને United Bank of India
(B) Canara Bank અને Syndicate Bank
(C) Andhra Bank અને Corporation Bank
(D) Oriental Bank of Commerce અને Allahabad Bank (C)

6. ભારતમાં Indian Bank સાથે કઈ બેન્કના મર્જરની જાહેરાત કરવામાં આવી છે ?
(A) Andhra Bank (B) Allahabad Bank
(C) Syndicate Bank (D) Corporation Bank (B)

7. પંજાબ નેશનલ બેન્ક, ઓરિએન્ટલ બેન્ક ઓફ કોમર્સ અને યુનાઈટેડ બેન્ક ઓફ ઈન્ડિયાના મર્જરથી ભારતમાં જાહેર ક્ષેત્રની કેટલામી સૌથી મોટી બેન્કની રચના થશે?
(A) બીજી (B) ત્રીજી (C) ચોથી (D) પાંચમી (A)

8. કેનેરા બેન્ક અને સીન્ડિકેટ બેન્કના મર્જરથી ભારતમાં જાહેર ક્ષેત્રની કેટલામી સૌથી મોટી બેન્કની રચના થશે ?
(A) ચોથી (B) પાંચમી (C) છઠ્ઠી (D) સાતમી (A)

9. BCCIની પસંદગી સમિતિના નવા અધ્યક્ષ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી સૌરવ ગાંગુલી (B) શ્રી સુનિલ જોશી
(C) શ્રી એમ. એસ. કે. પ્રસાદ (D) શ્રી અનિલ કુમ્બલે (B)

10. તાજેતરમાં BCCIની પસંદગી સમિતિના નવા અધ્યક્ષ તરીકે શ્રી સુનિલ જોશીની કોના દ્વારા નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી સૌરવ ગાંગુલી (BCCI અધ્યક્ષ) (B) કેન્દ્રિય કેબિનેટ
(C) કેન્દ્રીય રમત મંત્રાલય (D) ક્રિકેટ સલાહકાર સમિતિ (CAC) (D)

11. BCCIની પસંદગી સમિતિના નવા સભ્ય તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી અમરિંદર સિંઘ (B) શ્રી હરગોવિંદ સિંઘ
(C) શ્રી હરવિંદર સિંઘ (D) શ્રી મનપ્રીત સિંઘ (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 06 MARCH, 2020 FRIDAY

### ➤ વર્ષ 2019-20 માટે EPF પર 8.50 ટકા વ્યાજ દર ચૂકવવામાં આવશે

ભારતમાં કેન્દ્રીય શ્રમ મંત્રી **શ્રી સંતોષ ગંગવારે** કરેલી જાહેરાત અનુસાર ભારતમાં નાણાકીય વર્ષ **2019-20** માટે **Employees Provident Fund (EPF)**માં જમા રકમ પર **8.50 ટકા** વ્યાજ આપવામાં આવશે.

- આ અગાઉ વર્ષ **2018-19** માટે EPF પરનો વ્યાજ દર **8.65 ટકા** હતો.
- આમ, વર્ષ **2018-19**ની તુલનાએ વર્ષ **2019-20**માં EPFના વ્યાજ દરમાં **0.15 ટકાનો ઘટાડો** કરવામાં આવ્યો છે.
- સરકારના આ નિર્ણયથી ભારતમાં સંગઠિત ક્ષેત્રના આશરે 6 કરોડ જેટલા કર્મચારીઓને અસર થશે.

#### EPFO

**EPFOનું** પૂરું નામ **Employees Provident Fund Organisation** છે.

- EPFO એ સંગઠિત ક્ષેત્ર સાથે જોડાયેલા કર્મચારીઓ માટે પ્રોવિડન્ટ ફંડ, પેન્શન અને વીમા યોજનાઓના સંચાલનમાં કેન્દ્ર સરકારને સહાય કરતી એક સંસ્થા છે.
- **'પ્રોવિડન્ટ ફંડ અને વિવિધ પ્રબંધકો અધિનિયમ, 1952'** અંતર્ગત **4 માર્ચ, 1952**ના રોજ તેની સ્થાપના કરવામાં આવી હતી.
- તેનું વડું મથક **નવી દિલ્હી** ખાતે આવેલું છે.
- આ સંસ્થા કેન્દ્ર સરકારના **શ્રમ અને રોજગાર મંત્રાલય** અંતર્ગત કાર્ય કરે છે.

### ➤ ટાઈમ મેગેઝિનની '100 વુમન ઓફ ધ યર'ની યાદીમાં ભારતના બે મહિલાઓનો સમાવેશ




વિશ્વ પ્રસિદ્ધ મેગેઝિન **'TIME'** દ્વારા તાજેતરમાં **'100 વુમન ઓફ ધ યર'**ની યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે.

- ટાઈમ મેગેઝિન દ્વારા પ્રસિદ્ધ થયેલી આ યાદીમાં **ભારતના બે મહિલાઓ શ્રીમતી ઈન્દિરા ગાંધી** અને **રાજકુમારી અમૃત કૌર**નો સમાવેશ થયો છે.
- ટાઈમ મેગેઝિન દ્વારા **રાજકુમારી અમૃત કૌર**ને વર્ષ **1947** અને **શ્રીમતી ઈન્દિરા ગાંધી**ને વર્ષ **1976** માટે **'વુમન ઓફ ધ યર'** જાહેર કરવામાં આવ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ICE Questions

1. નાણાકીય વર્ષ 2019-20 માટે ભારતમાં EPFમાં જમા રકમ પર કેટલા ટકા વ્યાજ ચૂકવવામાં આવશે ?
   (A) 8.40 (B) 8.50 (C) 8.60 (D) 8.70 — **(B)**
2. નાણાકીય વર્ષ 2018-19 દરમિયાન ભારતમાં EPFમાં જમા રકમ પર કેટલા ટકા વ્યાજ ચૂકવવામાં આવ્યું હતું ?
   (A) 8.55 (B) 8.65 (C) 8.70 (D) 8.75 — **(B)**

3. EPFOનું પૂરું નામ શું છે ?
(A) Employees Pension Fund Organisation
(B) Employees Provident Fund Organisation
(C) Employees Priority Fund Organisation
(D) Employees Property Fund Organisation
(B)

4. ટાઈમ મેગેઝિન દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલી વિશ્વની '100 Women of the Year'ની યાદીમાં ભારતના કયા બે મહિલાઓનો સમાવેશ થયો છે ?
(A) શ્રીમતી ઈન્દિરા ગાંધી અને શ્રીમતી અમૃતા પ્રિતમ
(B) શ્રીમતી ઈન્દિરા ગાંધી અને શ્રીમતી સરોજીની નાયડુ
(C) શ્રીમતી ઈન્દિરા ગાંધી અને રાજકુમારી અમૃતા શેરગીલ
(D) શ્રીમતી ઈન્દિરા ગાંધી અને રાજકુમારી અમૃત કૌર
(D)

5. 'Championing an Independent India' ટાઈટલ હેઠળ 'TIME' મેગેઝિન દ્વારા રાજકુમારી અમૃત કૌરને કયા વર્ષ માટે 'વુમન ઓફ ધ યર' જાહેર કરવામાં આવ્યા છે ?
(A) 1937 (B) 1947 (C) 1950 (D) 1976
(B)

6. 'Imperious Leader' ટાઈટલ હેઠળ 'TIME' મેગેઝિન દ્વારા શ્રીમતી ઈન્દિરા ગાંધીને કયા વર્ષ માટે 'વુમન ઓફ ધ યર' જાહેર કરવામાં આવ્યા છે ?
(A) 1947 (B) 1966 (C) 1976 (D) 1978
(C)

ICE INSTITUTE COMPETITIVE EXAMS ®

## 07 MARCH, 2020 SATURDAY

### ➤ દિવસ મહિમા : 7 માર્ચ, જન ઔષધિ દિવસ




ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા 7 માર્ચના રોજ સમગ્ર દેશમાં 'જન ઔષધિ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારતમાં સસ્તી અને સારી ગુણવત્તાવાળી જેનરિક દવાઓના ઉપયોગ અંગે લોકોમાં જાગૃતિ લાવવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- ભારતમાં સૌપ્રથમ વખત 7 માર્ચ, 2019ના રોજ પ્રથમ 'જન ઔષધિ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- તાજેતરમાં ભારતમાં 7 માર્ચ, 2020ના રોજ બીજા 'જન ઔષધિ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- જેમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હી ખાતેથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ભાગ લઈને 'પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ યોજના કેન્દ્રો' સાથે સંવાદ કર્યો હતો.

## ➤ ગુજરાત યુનિવર્સિટી ખાતે ગુજરાતનું પ્રથમ સ્કૂલ ઓફ એડવાન્સ્ડ ડિફેન્સ સ્ટડિઝ સેન્ટર સ્થપાશે

ગુજરાત સરકારે ગુજરાતના **અમદાવાદ** ખાતે આવેલ **ગુજરાત યુનિવર્સિટી**માં ગુજરાતના પ્રથમ **School of Advanced Defence Studies Centre (SADSC)** ની સ્થાપના કરવાનો નિર્ણય કર્યો છે.

- સંરક્ષણ ક્ષેત્રે સંકળાયેલા ઉદ્યોગોની ભાગીદારીથી ગુજરાતમાં નવી રોજગારીનું સર્જન થાય તે હેતુથી ગુજરાત સરકારે આ નિર્ણય કર્યો છે.
- આ અંતર્ગત ગુજરાતમાં આ સેન્ટરના નિર્માણ માટે ગુજરાત સરકાર અને **Institute of Defence Scientist and Technologists (IDST)** વચ્ચે નવી દિલ્હી ખાતે MOU થયા છે.

### નોડલ પાર્ટનર

ગુજરાતમાં **અમદાવાદ**ની ગુજરાત યુનિવર્સિટી ખાતે સ્થપાનાર આ સેન્ટરના **નોડલ પાર્ટનર** તરીકે **Institute of Infrastructure Technology Research and Management (IITRAM)** ની પસંદગી કરવામાં આવી છે.

### નોલેજ પાર્ટનર

જયારે આ સેન્ટરના નોલેજ પાર્ટનર તરીકે **IDST** એટલે કે **Institute of Defence Scientists and Technologists (IDST)** ની નિયુકિત કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ICE Questions

| | | |
|---|---|---|
| 1. | ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા 'જન ઔષધિ દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?<br>(A) 5 માર્ચ (B) 6 માર્ચ (C) 7 માર્ચ (D) 8 માર્ચ | (C) |
| 2. | 7 માર્ચ, 2020ના રોજ ભારતમાં કેટલામા 'જન ઔષધિ દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે ?<br>(A) પ્રથમ (B) બીજા (C) ત્રીજા (D) ચોથા | (B) |
| 3. | ગુજરાતની કઈ યુનિવર્સિટીમાં ગુજરાતના પ્રથમ 'સ્કૂલ ઓફ એડવાન્સ્ડ ડિફેન્સ સ્ટડિઝ સેન્ટર'ની સ્થાપના માટે તાજેતરમાં કરાર થયા છે ?<br>(A) રક્ષા યુનિવર્સિટી (B) ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી<br>(C) ગુજરાત યુનિવર્સિટી (D) ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી | (C) |
| 4. | ગુજરાતના પ્રથમ 'સ્કૂલ ઓફ એડવાન્સ્ડ ડિફેન્સ સ્ટડિઝ સેન્ટર'ની સ્થાપના માટે ગુજરાત સરકારે નવી દિલ્હી ખાતે કોની સાથે MoU કર્યા છે ?<br>(A) Indian Institute of Defence Science (IIDS)<br>(B) Indian Institute of Defence Studies (IIDS)<br>(C) Indian Institute of Defence Scientist (IIDS)<br>(D) Institute of Defence Scientist and Technologists (IDST) | (D) |
| 5. | ગુજરાતના પ્રથમ 'સ્કૂલ ઓફ એડવાન્સ્ડ ડિફેન્સ સ્ટડિઝ સેન્ટર'ની સ્થાપના માટે ગુજરાત સરકારે નોડલ પાર્ટનર તરીકે કોની પસંદગી કરી છે ?<br>(A) Institute of Infrastructure Technology Reasearch and Management (IITRAM)<br>(B) Indian Institute of Defence Studies (IIDS)<br>(C) Indian Institute of Defence Scientist (IIDS)<br>(D) Institute of Defence Scientist and Technologists (IDST) | (A) |

# ONE LINER
## CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે 'ડાંગ દરબાર 2020'નો પ્રારંભ

5 માર્ચ, 2020ના રોજ ડાંગના આહવા ખાતે ગુજરાત રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી કિશોર કાનાણીએ ડાંગ દરબાર 2020નો શુભારંભ કરાવ્યો હતો. ડાંગના રાજવીઓના આદર સત્કાર માટે 1947થી દર વર્ષે હોળી પહેલા આ 'ડાંગ દરબાર'નું આયોજન થાય છે. તાજેતરમાં 5થી 8 માર્ચ, 2020 દરમિયાન યોજાયેલા આ લોકમેળામાં ડાંગ જિલ્લાની ભાતિગળ લોક સંસ્કૃતિની ઝલક જોવા મળી હતી. આ ડાંગ દરબારના લોકમેળાના પાંચ દિવસ અગાઉ અહીં 11મી ગ્રામિણ ઓલિમ્પિકનું પણ આયોજન થયું હતું.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

### ➤ BBC 'World Histories' મેગેઝિનના સર્વેમાં મહારાજા રણજીત સિંહની 'વિશ્વના સર્વકાલીન મહાન નેતા' તરીકે પસંદગી

BBC 'World Histories' મેગેઝિન દ્વારા તાજેતરમાં હાથ ધરવામાં આવેલા એક સર્વેમાં ભારતના પંજાબના મહારાજા રણજીત સિંહની 'વિશ્વના સર્વકાલીન મહાન નેતા' તરીકે પસંદગી કરવામાં આવી છે. 'પંજાબના શેર' તરીકે પ્રસિદ્ધ મહારાજા રણજીત સિંહ ભારતના કેટલાક મહાન શિખ નેતાઓમાંના એક છે.

### ➤ શ્રી આદિત્ય રાજ વર્લ્ડ મેરેથોન ચેલેન્જ પૂર્ણ કરનાર પ્રથમ ભારતીય બન્યા

ભારતના ગુરુગાંવના શ્રી આદિત્ય રાજે તાજેતરમાં વર્લ્ડ મેરેથોન ચેલેન્જ પૂર્ણ કરી છે. આ સાથે જ શ્રી આદિત્ય રાજ વર્લ્ડ મેરેથોન ચેલેન્જ પૂર્ણ કરનાર પ્રથમ ભારતીય બની ગયા છે. તેમણે આ ચેલેન્જનો પ્રારંભ દક્ષિણ આફ્રિકાના કેપટાઉનથી કર્યો હતો. અને ત્યારબાદ તેમણે 7 દિવસમાં 7 ખંડમાં 7 મેરેથોન પૂર્ણ કરી હતી.

### ➤ જમ્મુ કાશ્મીરના ગુલમર્ગમાં ભારતની પ્રથમ 'ખેલો ઈન્ડિયા વિન્ટર ગેમ્સ'નો પ્રારંભ

7 માર્ચ, 2020ના રોજ ભારતમાં જમ્મુ કાશ્મીરના ગુલમર્ગમાં ભારતની પ્રથમ 'ખેલો ઈન્ડિયા વિન્ટર ગેમ્સ'નો પ્રારંભ થયો છે. 7થી 11 માર્ચ, 2020 સુધી ચાલનાર આ વિન્ટર ગેમ્સમાં ભારતના 800થી વધુ ખેલાડીઓ ભાગ લેશે. જેમાં સ્નો સ્કીઈંગ, સ્નો બોર્ડિંગ, સ્કી માઉન્ટેનિયરિંગ, આઈસ સ્ટોક, સ્નો રગ્બી વગેરે જેવી 30 રમતોની ઈવેન્ટ યોજાશે.

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ➤ યશ બેન્કમાં નાણાકીય ગેરરીતિને કારણે RBI દ્વારા અનેક પ્રતિબંધ

તાજેતરમાં ભારતમાં પ્રાઈવેટ સેક્ટરની YES BANKમાં નાણાકીય ગેરરીતિ જોવા મળતા રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI) એ તેના પર અનેક પ્રતિબંધો મૂકી દીધા છે. આ અંતર્ગત યશ બેન્કના ખાતેદારો એક મહિના સુધી 50,000થી વધુ રકમ ઉપાડી શકશે નહિ. પરિણામે બેન્કના આશરે 2.5 લાખથી વધુ ખાતેદારોના 2.50 લાખ કરોડથી વધુ નાણાં ફસાઈ ગયા છે. યશ બેન્કનું વડું મથક મુંબઈ ખાતે આવેલું છે. વર્ષ 2004માં રાણા કપુર અને અશોક કપુરે યશ બેન્કની સ્થાપના કરી હતી.

## ➤ લિવરના રોગ NASH માટે ઝાયડસ કેડિલાએ વિશ્વની સૌપ્રથમ દવા શોધી

ભારતની પ્રસિદ્ધ ફાર્મા કંપની ઝાયડસ કેડિલાએ લિવરના રોગ NASH એટલે કે Non Alcoholic Steato Hepatitis માટે વિશ્વની સૌપ્રથમ દવાની શોધ કરી છે. આ દવાનું નામ 'Saroglitazar' છે. આ દવાને ડ્રગ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાએ મંજૂરી આપી દીધી છે.

## ➤ ગૈરસૈન ઉત્તરાખંડની ઉનાળાની રાજધાની જાહેર

4 માર્ચ, 2020ના રોજ ઉત્તરાખંડના મુખ્યમંત્રી શ્રી ત્રિવેન્દ્ર સિંહ રાવતે ગૈરસૈન અથવા તો ગૈરસૈંણને ઉત્તરાખંડની ગ્રીષ્મકાલીન રાજધાની જાહેર કરી છે. આથી હવે ઉનાળા દરમિયાન ગૈરસૈન ઉત્તરાખંડની રાજધાની રહેશે. જ્યારે ઉનાળા સિવાય શિયાળાના સમય દરમિયાન દહેરાદૂન ઉત્તરાખંડની રાજધાની રહેશે.

## ➤ ભારતના નવા નાણા સચિવ તરીકે શ્રી અજય ભૂષણ પાંડેની નિમણૂક

ભારતના નવા નાણા સચિવ તરીકે શ્રી અજય ભૂષણ પાંડેની નિમણૂક કરવામાં આવી છે. શ્રી અજય ભૂષણ પાંડે 1984ની બેચના મહારાષ્ટ્ર કેડરના IAS ઓફિસર છે. ભારતના નવા નાણા સચિવ તરીકે શ્રી અજય ભૂષણ પાંડેએ 18 ફેબ્રુઆરી, 2020ના રોજ નિવૃત્ત થયેલા શ્રી રાજીવ કુમારનું સ્થાન લીધું છે.

## ➤ ભારતની સુપ્રીમ કોર્ટે ક્રિપ્ટોકરન્સી પરનો પ્રતિબંધ હટાવ્યો

4 માર્ચ, 2020ના રોજ ભારતની સુપ્રીમ કોર્ટે ક્રિપ્ટોકરન્સી પરનો પ્રતિબંધ હટાવીને ભારતમાં તેના વ્યાપારને મંજૂરી આપી દીધી છે. આથી ભારતમાં હવે બિટકોઈન સહિતની ક્રિપ્ટોકરન્સીની લે વેચ થઈ શકશે. ભારતમાં RBI દ્વારા વર્ષ 2018માં આ કરન્સી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જેને જસ્ટિસ રોહિન્ટન ફલી નરિમાનની અધ્યક્ષતાવાળી સુપ્રીમ કોર્ટની બેન્ચે હટાવી લીધો છે. સુપ્રીમ કોર્ટની આ બેન્ચના અન્ય સભ્યોમાં જસ્ટિસ અનિરુદ્ધ બોસ અને જસ્ટિસ વી. રામસુબ્રમણ્યનનો સમાવેશ થાય છે.

## ➤ ભારતની લોકસભાના અધ્યક્ષ શ્રી ઓમ બિરલાએ 'સુપોષિત મા અભિયાન' લોન્ચ કર્યું

ભારતની લોકસભાના અધ્યક્ષ શ્રી ઓમ બિરલાએ તેમના મતક્ષેત્ર કોટા, રાજસ્થાનથી રાષ્ટ્રીય 'સુપોષિત મા અભિયાન'નો શુભારંભ કરાવ્યો છે. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ ગર્ભવતી મહિલાઓ અને નવજાત શીશુનું આરોગ્ય જળવાઈ રહે તે છે. આ માટે આ યોજનાના પહેલા ચરણમાં 1000 ગર્ભવતી મહિલાઓને 17 કિલોગ્રામ પૌષ્ટિક આહારની 1000 કિટનું વિતરણ કરવામાં આવ્યું છે. ગર્ભવતી મહિલાને 9 મહિના સુધી દર મહિને આવી એક કિટ આપવામાં આવશે. જેમાં ઘઉં, ચણા, મકાઈ, બાજરી, ગોળ, દાળ, સોયાબીન, ઘી, મગફળી, શેકેલા ચણા, ખજૂર વગેરેનો સમાવેશ થાય છે.

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# વિશ્વ

## ➤ શ્રી મોહિઉદ્દીન યાસીનના મલેશિયાના નવા વડાપ્રધાન તરીકે શપથ

મલેશિયાના પૂર્વ ગૃહમંત્રી **શ્રી મોહિઉદ્દીન યાસીને** મલેશિયાના નવા વડાપ્રધાન તરીકે શપથ લીધા છે. મલેશિયાના નવા વડાપ્રધાન તરીકે શ્રી મોહિઉદ્દીન યાસીને ભારત વિરોધી **મહાતીર મોહમ્મદ**નું સ્થાન લીધું છે. તેમના પક્ષનું નામ **Parti Pribumi Bersatu Malaysia** અથવા તો **Malaysian United Indigenous Party** છે.

## ICE Questions

- 5થી 8 માર્ચ, 2020 દરમિયાન ગુજરાતના કયા શહેરમાં 'ડાંગ દરબાર 2020'નું આયોજન થયું હતું ? – આહવા
- BBC 'World Histories' મેગેઝિનના સર્વેમાં 'વિશ્વના સર્વકાલીન મહાન નેતા' તરીકે કયા ભારતીયની પસંદગી કરવામાં આવી છે ? – મહારાજ રણજીત સિંહ
- વર્લ્ડ મેરેથોન ચેલેન્જ પૂર્ણ કરનાર પ્રથમ ભારતીય કોણ છે ? – શ્રી આદિત્ય રાજ
- માર્ચ 2020 દરમિયાન ભારતમાં પ્રથમ 'ખેલો ઈન્ડિયા વિન્ટર ગેમ'નું આયોજન ક્યાં થયું હતું ? – ગુલમર્ગ (જમ્મુ કાશ્મીર)
- યશ બેન્કનું વડું મથક ક્યાં આવેલું છે ? – મુંબઈ
- યશ બેન્કની સ્થાપના ક્યારે થઈ હતી ? – 2004
- યશ બેન્કની સ્થાપના કોણે કરી હતી ? – રાણા કપૂર અને અશોક કપૂર
- ભારતની કઈ કંપનીએ લિવરના રોગ 'નાશ'/NASH (Non Alcoholic Steato Hepatitis) માટે વિશ્વની સૌપ્રથમ દવાની શોધ કરી છે ? – ઝાયડસ કેડિલા
- ભારતની ઝાયડસ કેડિલાએ લિવરના રોગ 'NASH' માટે વિશ્વની કઈ સૌપ્રથમ દવાની શોધ કરી છે ? – Saroglitazar
- ઉત્તરાખંડની Summer અથવા તો ગ્રીષ્મકાલીન અથવા તો ઉનાળા દરમિયાનની રાજધાની તરીકે કયા શહેરની જાહેરાત કરવામાં આવી છે ? – ગૈરસેન
- ઉત્તરાખંડની Winter અથવા તો શીતકાલીન અથવા તો શિયાળા દરમિયાનની રાજધાની કઈ છે ? – દહેરાદૂન
- ભારતના નવા નાણા સચિવ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી અજય ભૂષણ પાંડે
- 4 માર્ચ, 2020ના રોજ ભારતની સુપ્રીમ કોર્ટે ભારતમાં કઈ કરન્સીના વ્યાપાર પરનો પ્રતિબંધ હટાવી લીધો છે ? – ક્રિપ્ટોકરન્સી
- 4 માર્ચ, 2020ના રોજ ભારતની સુપ્રીમ કોર્ટે ભારતમાં કોના દ્વારા મૂકવામાં આવેલો ક્રિપ્ટોકરન્સીના વ્યાપાર પરનો પ્રતિબંધ હટાવી લીધો છે ? – RBI
- કોની અધ્યક્ષતામાં બનેલી સુપ્રીમ કોર્ટની બેન્ચે ભારતમાં ક્રિપ્ટોકરન્સીના વ્યાપાર પરનો પ્રતિબંધ હટાવી લીધો છે? – જસ્ટિસ રોહિન્ટન ફલી નરિમાન
- ભારતમાં કોના દ્વારા રાષ્ટ્રીય 'સુપોષિત મા અભિયાન' લોન્ચ કરવામાં આવ્યું છે ? – શ્રી ઓમ બિરલા

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ભારતના લોકસભા અધ્યક્ષ શ્રી ઓમ બિરલાએ ક્યાંથી 'સુપોષિત મા અભિયાન' લોન્ચ કર્યું છે ?
  – કોટા, રાજસ્થાન
- 'સુપોષિત મા અભિયાન' અંતર્ગત ગર્ભવતી મહિલાને 9 માસ સુધી દર મહિને કેટલા કિલોગ્રામની પૌષ્ટિક આહારની કિટ આપવામાં આવશે ?
  – 17 કિલોગ્રામ
- મલેશિયાના નવા વડાપ્રધાન તરીકે કોણે શપથ લીધા છે ?
  – શ્રી મોહિઉદ્દીન યાસીન
- શ્રી મોહિઉદ્દીન યાસીન મલેશિયાના નવા વડાપ્રધાન બન્યા છે...તેમના પક્ષનું નામ શું છે ?
  – Parti Pribumi Bersatu Malaysia

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

ગુજરાત સરકારની વર્ગ-૩ની તમામ
નવી ભરતીઓ માટેની વિશેષ બેચ

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

જનરલ બેચ

અલ્ટ્રા ડેપ્થ લેવલ સ્ટડી
રિવિઝન વર્કશોપ અને ફેકલ્ટી સપોર્ટ
ઓછા સમયમાં હાઈસ્કોર કરવાની ટીપ્સ
નબળા વિષયો માટે સ્પેશિયલ લેક્ચર
નિષ્ણાંતો દ્વારા અભ્યાસ

ફ્રી ટ્રાયલ લેક્ચર

બિનસચિવાલય, ATDO, તલાટી જૂ. કલાર્ક, સિ.કલાર્ક,

32+ Weekly Test

SP. DISCOUNT

રાજકોટ
સાંજે : 07 TO 09
93757-01110
સદગુરૂ કોમ્પલેક્ષ, કાલાવડ રોડ,તિરૂપતી પેટ્રોલ પંપ સામે, સ્વામિનારાયણ મંદિર પાસે

23/03/2020
સોમવાર

ગાંધીનગર
સાંજે : 06 TO 08
81406-01110
ઘ-2, સેક્ટર-6, બીજો માળ, ઈસ્કોન ગાંઠીયા પાસે, ગાંધીનગર

www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. 1 માર્ચ, 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તથા ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ શ્રી વિક્રમનાથના હસ્તે ગુજરાતની કઈ જિલ્લા અદાલતના નવા ભવનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે ? – રાજકોટ
(રાજકોટ જિલ્લા અદાલતના આ નવા બિલ્ડિંગનું નિર્માણ આશરે રૂ. 118 કરોડના ખર્ચે થશે.)
2. સિટી બ્યુટિફિકેશન માટે ગુજરાતના કયા શહેરના 4 તળાવો તે શહેરની મહાનગરપાલિકાને વિનામૂલ્યે સોંપવાનો ગુજરાત સરકારે નિર્ણય કર્યો છે ? – અમદાવાદ
(આ અંતર્ગત અમદાવાદના વટવા ખાતે આવેલું વાંદરવટ તળાવ, છારોડી - સરકારી તળાવ, શીલજ - સરકારી તળાવ અને ગોતા - ગામ તળાવ અમદાવાદ મ્યુનિસિપાલિટીને સોંપવામાં આવશે.)
3. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં ગુજરાતના કયા શહેરમાં રૂ. 35 કરોડના ખર્ચે નવ-પલ્લવિત થયેલા સુરસાગર તળાવનું લોકાર્પણ કર્યું હતું ? – વડોદરા
(આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સુરસાગર તળાવ ખાતે મહાઆરતીમાં પણ સહભાગી થયા હતા.)
4. સોલાર રૂફટોપ યોજના માટે ભારતના કયા રાજ્યમાં સૌથી વધુ રજીસ્ટ્રેશન થયા છે ? – ગુજરાત
(સૂર્ય ઉર્જા રૂફટોપ યોજના અંતર્ગત છેલ્લા પાંચ માસમાં ગુજરાતમાં 1 લાખથી વધુ વીજ ગ્રાહકોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે.)
5. 'સૂર્ય ઉર્જા રૂફટોપ યોજના' માટે ગુજરાતમાં નોડલ એજન્સી તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે ?
– ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ
6. ગુજરાતમાં રસીકરણ ઝૂંબેશને વધુ સઘન બનાવીને રસીકરણના વ્યાપને 100 ટકા સુધી લઈ જવાના લક્ષ્યાંકને પૂર્ણ કરવા માટે ડિસેમ્બર 2019માં કયું અભિયાન લોન્ચ કરવામાં આવ્યું હતું ? – મિશન ઈન્દ્રધનુષ 2.0
7. ઉત્તરપ્રદેશના રાજ્યપાલ શ્રીમતી આનંદીબેન પટેલે ગુજરાતના કયા શહેરમાં ક્રાફ્ટરૂટ્સ સંસ્થા દ્વારા આયોજિત હસ્તકળા પ્રદર્શનીનો પ્રારંભ કરાવ્યો હતો ? – વડોદરા
8. ગુજરાતને ભારતના શિક્ષણ હબ તરીકે વિકસાવવા માટે ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં કયા અભિયાન અંતર્ગત કેન્યા, યુગાન્ડા, ઝિમ્બાબ્વે અને મોઝામ્બિક સહિત અન્ય દેશોમાં રોડ શોનું આયોજન થયું હતું ?
– સ્ટડી ઈન ગુજરાત
9. સ્ટડી ઈન ગુજરાત અભિયાન અંતર્ગત કેન્યા, યુગાન્ડા, ઝિમ્બાબ્વે અને મોઝામ્બિકમાં યોજાયેલા રોડ શો દરમિયાન કેટલા MOU થયા છે ? – 69

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

10. તાજેતરમાં થયેલા સંશોધન અનુસાર ગુજરાતના કયા સ્થળની જમીન મંગળ ગ્રહની જમીન જેવી જ છે ?

– માતાના મઢ, કચ્છ

(આ માટેના સંશોધન માટે તાજેતરમાં નાસાના વૈજ્ઞાનિકોએ આ સ્થળની મુલાકાત લીધી હતી. વૈજ્ઞાનિકોના મતે માતાના મઢ બેસાલ્ટ ટેરેઈનમાં જેરોસાઈટ ધરાવતું વિશ્વનું એકમાત્ર સ્થળ છે.)

11. ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે ભારતના નવા મુખ્ય માહિતી કમિશનર તરીકે કોને શપથ અપાવ્યા છે ?

– શ્રી બિમલ ઝુલકા

12. કેટલાક મીડિયા રિપોર્ટ અનુસાર તાજેતરમાં વિશ્વના કયા પ્રદેશમાં માણસમાંથી કૂતરાને કોરોના થયાનો પ્રથમ કેસ નોંધાયો છે ? – હોંગકોંગ

13. માર્ચ 2020 દરમિયાન કયા શહેરમાં યોજાનાર ISSF શૂટિંગ વર્લ્ડ કપને કોરોનાને કારણે સ્થગિત કરવામાં આવ્યો છે?

– નવી દિલ્હી (માર્ચની જગ્યાએ આ વર્લ્ડ કપ હવે મે-જૂનમાં બે અલગ અલગ તબક્કામાં યોજાશે.)

14. સંયુક્ત રાષ્ટ્રના પૂર્વ મહામંત્રી શ્રી જેવિયર પેરેઝ દ કુયારનું તાજેતરમાં નિધન થયું છે...તેઓ કયા દેશના પૂર્વ વડાપ્રધાન હતા ? – પેરુ

15. વિશ્વ પ્રસિદ્ધ મેગેઝિન 'TIME' દ્વારા તાજેતરમાં છેલ્લી એક સદીમાં વિશ્વ પર પ્રભાવ પાડનારી 100 મહિલાઓની યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે...આ યાદીમાં વર્ષ '2019નો વુમન ઓફ ધ યર એવોર્ડ' કોને એનાયત થયો છે ?

– સુશ્રી ગ્રેટા થનબર્ગ

(સુશ્રી ગ્રેટા થનબર્ગ સ્વીડનના 17 વર્ષીય યુવા પર્યાવરણ ચળવળ કર્તા છે. પર્યાવરણની જાળવણી માટે તેમણે છેડેલી ઝુંબેશને કારણે તેમને 'The Power of Youth' ટાઈટલ હેઠળ આ એવોર્ડ એનાયત થયો છે. TIMEની આ યાદીમાં વર્ષ 1947 માટે ભારતના રાજકુમારી અમૃત કૌર અને 1976 માટે શ્રીમતી ઈન્દિરા ગાંધીને આ એવોર્ડ એનાયત થયો છે.)

16. ભારતીય તીરંદાજી એસોસિયેશને કોરોના વાયરસને કારણે કયા શહેરમાં 8થી 15 માર્ચ, 2020 દરમિયાન યોજાનાર એશિયા કપમાં ન રમવાનો નિર્ણય કર્યો છે ? – બેંગકોક (થાઈલેન્ડ)

17. કોરોના વાયરસને કારણે ભારતના કયા શહેરમાં 31 માર્ચ, 2020 સુધી તમામ પ્રાથમિક શાળાઓ બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ? – નવી દિલ્હી

18. 4 માર્ચ, 2020ના રોજ કયા ક્રિકેટર 500 ટી-20 મેચ રમનાર વિશ્વના પ્રથમ ક્રિકેટર બની ગયા છે ?

– શ્રી કિરોન પોલાર્ડ

(શ્રી કિરોન પોલાર્ડ વેસ્ટ ઈન્ડિઝની ક્રિકેટ ટીમના કેપ્ટન છે. તેમણે શ્રીલંકા સામેની મેચમાં આ સિદ્ધિ મેળવી છે.)

19. ભારતમાં દર વર્ષે 'રાષ્ટ્રીય સુરક્ષા દિવસ' ક્યારે ઉજવાય છે ? – 4 માર્ચ

20. તાજેતરમાં કઈ આંતરરાષ્ટ્રીય સંસ્થાએ CAA અથવા તો Citizenship (Amendment) Act, 2019 વિરુદ્ધ ભારતની સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે ?

– સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર આયોગ (United Nations Human Rights Council - UNHRC)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

21. અમેરિકી રિસર્ચ સંસ્થા GFIના રિપોર્ટ અનુસાર મની લોન્ડ્રિંગ અથવા તો વ્યાપાર દ્વારા કાળા નાણાંને સફેદ (કાયદેસર) કરવાની બાબતમાં 135 દેશોમાં ભારત કયા ક્રમે છે ? – ત્રીજા
(આ બાબતમાં ચીન પ્રથમ અને મેક્સિકો બીજા ક્રમે છે.)

22. ભારતમાં કેન્દ્ર સરકારના પર્યાવરણ મંત્રાલયે કયા અભયારણ્યને ઈકોલોજીની દષ્ટિએ સંવેદનશીલ પ્રદેશ જાહેર કર્યો છે ? – રાષ્ટ્રીય ચંબલ અભયારણ્ય (મધ્યપ્રદેશ)

23. ભારતીય રેલવે દ્વારા કયા રેલવે સ્ટેશન પર ભારતીય રેલવેની પ્રથમ 'રેસ્ટોરન્ટ ઓન વ્હીલ્સ' લોન્ચ કરવામાં આવી છે ? – આસનસોલ (પશ્ચિમ બંગાળ)

24. ભારતના કયા રાજ્યની સરકારે ત્રણથી ઓછા હાઈજીન રેટિંગ ધરાવતી રેસ્ટોરન્ટમાંથી ભોજનની ઓનલાઈન ડિલેવરી પર પ્રતિબંધ મૂક્યો છે ? – પંજાબ

25. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા Hurun Global Rich List 2020માં વિશ્વના સૌથી અમીર વ્યક્તિઓમાં ભારતના શ્રી મુકેશ અંબાણી કયા ક્રમે છે ? – નવમા
(આ યાદીમાં એમેઝોનના શ્રી જેફ બેઝોસ સમગ્ર વિશ્વમાં પ્રથમ ક્રમે છે. જ્યારે શ્રી મુકેશ અંબાણી ભારતમાં પ્રથમ અને વિશ્વમાં નવમા ક્રમે છે.)

26. પાંચ વખત ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ વિજેતા કયા પ્રસિદ્ધ મહિલાએ ટેનિસમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી છે ? – સુશ્રી મારિયા શારાપોવા

27. સુશ્રી મારિયા શારાપોવાએ ટેનિસમાંથી નિવૃત્તિ લેવાની તાજેતરમાં જાહેરાત કરી છે...તેઓ કયા દેશના પ્રસિદ્ધ ખેલાડી છે ? – રશિયા

28. શ્રી હોસ્ની મુબારકનું તાજેતરમાં નિધન થયું છે....તેઓ કયા દેશના રાષ્ટ્રપતિ હતા ? – ઈજિપ્ત

29. ભારતમાં સેન્ટ્રલ એક્સાઈઝ દિવસ તરીકે કયો દિવસ ઉજવાય છે ? – 24 ફેબ્રુઆરી

30. ભારતમાં નિકાસને પ્રોત્સાહન આપવા માટે RBI દ્વારા કરવામાં આવેલા નિર્ણય અનુસાર હવે નાના નિકાસકારોને પણ ક્યારથી રેપો રેટ આધારિત લોન મળી શકશે ? – 1 એપ્રિલ, 2020
(RBIના આ નિર્ણયથી ભારતમાં હવે વ્યાપારીઓને પણ Rapo Rateના દરમાં થતા ઘટાડાનો લાભ મળશે.)

31. આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં સદી કરનાર વિશ્વના પ્રથમ મહિલા કોણ બન્યું છે ? – સુશ્રી હેદર નાઈટ
(સુશ્રી હેદર નાઈટ ઈંગ્લેન્ડની ટીમના કેપ્ટન છે અને તેમણે થાઈલેન્ડ વિરુદ્ધ ટી-20માં સદી કરીને આ સિદ્ધિ મેળવી છે. આ અગાઉ તેઓ ટેસ્ટ અને વન ડે સદી ફટકારી ચુકયા છે.)

32. ફ્રાન્સમાં ભારતના નવા રાજદૂત તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી જાવેદ અશરફ

33. આંધ્રપ્રદેશ સરકાર દ્વારા એન્ટી કરપ્શન હેલ્પલાઈનના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – સુશ્રી પી. વી. સિંધૂ

34. નાસાના અથવા તો અમેરિકાના કયા પ્રસિદ્ધ મહિલા ગણિતશાસ્ત્રીનું તાજેતરમાં નિધન થયું છે ? – સુશ્રી કેથરિન જહોન્સન

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

35. અયોધ્યાના શ્રી રામ મંદિર ટ્રસ્ટના અધ્યક્ષ તરીકે કોની પસંદગી કરવામાં આવી છે ? – મહંત નૃત્ય ગોપાલ દાસ

36. અયોધ્યાના મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી નૃપેન્દ્ર મિશ્રા

37. RBIના કયા ડેપ્યુટી ગવર્નરે તેમના પદ પરથી રાજીનામું આપ્યું છે ? – શ્રી એન. એસ. વિશ્વનાથન
(શ્રી એન. એસ. વિશ્વનાથને તેમની નિવૃત્તિના ત્રણ મહિના અગાઉ જ તેમના પદ પરથી રાજીનામું આપી દીધું છે.)

38. ભારતમાં કેન્દ્ર સરકારે ભારતના કયા વિસ્તારો માટે સ્વચ્છ ભારત મિશનનો બીજો તબક્કો લોન્ચ કર્યો છે ? – ગ્રામીણ ભારત
(ગ્રામીણ ભારત માટે લોન્ચ કરાયેલા આ મિશન માટે પાંચ વર્ષમાં 1,40,881 કરોડ રૂપિયાનું બજેટ ફાળવવામાં આવ્યું છે.)

39. ભારતમાં કેન્દ્રીય કેબિનેટે NRIને ભારતની એર ઈન્ડિયામાં કેટલા ટકા હિસ્સો ખરીદવાની મંજૂરી આપી છે ? – 100 ટકા

40. 28 ફેબ્રુઆરીથી 1 માર્ચ, 2020 દરમિયાન ભારતમાં 6th India Ideas Conclaveનું આયોજન કયાં થયું હતું ? – ટેન્ટ સિટી, સ્ટેચ્યુ ઓફ યુનિટી (નર્મદા, ગુજરાત)
(ઈન્ડિયા ફાઉન્ડેશન દ્વારા યોજાયેલી આ કોન્કલેવની થીમ New India : Turning to Roots Rising to Heights હતી.)

41. તાજેતરમાં 3 વારના ઓલિમ્પિક ચેમ્પિયન કયા સ્વિમર પર ડોપિંગના કેસમાં 8 વર્ષનો પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે? – સુન યાંગ (ચીન)

42. ભારતના કયા સ્થળે ભારતનું પ્રથમ અને વિશ્વનું બીજું ઈન્ફન્ટ્રી (એટલે કે પગપાળા સેનાનું) મ્યુઝિયમ તૈયાર થઈ રહ્યું છે ? – મહૂ (જિ. ઈન્દોર, મધ્યપ્રદેશ)

43. ભારતના કયા રાજ્યની સરકારે સરકારી કર્મચારીઓની નિવૃત્તિની વય મર્યાદા 60થી વધારીને 62 વર્ષ કરવાનો નિર્ણય કર્યો છે ? – છત્તીસગઢ
(ભારતમાં થોડા સમય અગાઉ પંજાબ સરકારે નિવૃત્તિની વય મર્યાદા 60થી ઘટાડીને 58 વર્ષ કરી હતી.)

44. તાજેતરમાં ભારતે કયા દેશને આશરે રૂ. 290 કરોડના હથિયારો વેચવા માટે સોદો કર્યો છે ? – આર્મેનિયા

45. વિશ્વના કયા દેશમાં કોરોના વાઈરસના પ્રથમ દર્દીને ગોળી મારવાનો આદેશ આપવામાં આવ્યો છે ? – ઉત્તર કોરિયા

46. ભારતના કયા રાજ્યમાં વિધાનસભામાં ધારાસભ્યો માટે 'શ્રેષ્ઠ ધારાસભ્ય એવોર્ડ' શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે ? – ગુજરાત
(ગુજરાત વિધાનસભા ગૃહના અધ્યક્ષ શ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ આ જાહેરાત કરી હતી.)

47. ભારતના કયા રાજ્યના લઘુમતી બાબતોના મંત્રી શ્રી નવાબ મલિકે પોતાના રાજ્યમાં શિક્ષણમાં મુસ્લિમો માટે 5 ટકા અનામત આપવાની જોગવાઈ કરવામાં આવશે એવી જાહેરાત કરી હતી ? – મહારાષ્ટ્ર

48. જાપાનના 112 વર્ષીય શ્રી ચિતેત્સુ વાતાનાબેનેના નિધન બાદ જાપાનના 111 વર્ષીય કયા વ્યક્તિ વિશ્વના સૌથી ઉંમરલાયક હયાત પુરુષ બન્યા છે ? – શ્રી બોબ વેટન

49. ભારતમાં ભૂમિદળના લેફટનન્ટ જનરલનું પદ સંભાળનાર પ્રથમ મહિલા કોણ છે ? – મેજર જનરલ માધુરી કાનીટકર

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

સૌથી વધુ ઉમેદવારોને સૌથી ઊંચી સફળતા
અપાવનાર સંસ્થા

2020

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

# A COACHING CLASS FOR GOVERNMENT JOB

## ગાંધીનગર
Gh-2, Sector-6, 2nd Floor,
Near Iscon Gathiya,
Gandhinagar-382006
**CALL : 81406-01110 / 81407-01110**

## રાજકોટ
**HEAD OFFICE**
SHREE SADGURU SHOPPING CENTRE,
2nd FLOOR, Nr. AKSHAR MANDIR, OPP. TIRUPATI
PETROL PUMP, KALAWAD ROAD, RAJKOT
**MO. 93757-01110 / 93280-01110**

## જૂનાગઢ
Perry Plaza Complex, 2nd Floor,
Near Alkapuri Society, Zanzarda
Road, Junagadh - 3620001
**CALL : 76985-01110/76986-01110**

## અમદાવાદ
127, Ratna Business Square, Old Natraj
Cinema, Opp. H.K. Collage, Ashram Road,
Ahmedabad - 380009
**CALL : 8469501110/8469601110**

## ALL TYPE OF COMPETITIVE EXAMS

- GPSC
- STI
- PI
- PSI/ASI
- Dy. S.O.
- Dy.MAM.
- TALATI
- CONSTABLE
- IBPS
- SBI
- PO
- CLERK

Website iceonline.in | JOIN TELEGRAM t.me\icerajkotofficial | YouTube icerajkot | Facebook icerajkot | INSTAGRAM icerajkot